રવિવાર, તા. ૩ ઓગસ્ટ , ૨૦૧૪

ગુજરાત સમાચાર (વડોદરા આવૃત્તિ)

## બ્લાઈન્ડ ફોટોગ્રાફરોના ફોટોગ્રાફનુ એક્ઝીબીશન યોજાયુ

# જેમની પાસે દ્રષ્ટિ નથી તે દુનિયા માટે તસવીરો ખેંચે છે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

કુદરતે જેમને દ્રષ્ટિ નથી આપી તેઓ દુનિયાને બતાવાવા માટે કેમેરાથી તસ્વીરો ખેંચી શકે ખરા...મુંબઈના ફોટોગ્રાફર પાર્થો ભૌમિકે આ પણ શક્ય કરી બતાવ્યુ છે.તેમણે અત્યાર સુધીમાં ૫૦૦ જેટલા પ્રજ્ઞાચક્ષુઓને ફોટોગ્રાફીની તાલીમ આપી છે.આવા બ્લાઈન્ડ ફોટોગ્રાફર્સે પાડેલા ફોટોગ્રાફનુ એક નાનકડુ એક્ઝીબીશન પણ આજે પ્રેરણા ફેસ્ટીવલમાં યોજવામાં આવ્યુ હતુ.

## મુંબઈના તસવીરકાર પાર્થો ભૌમિકે અત્યાર સુધીમાં ૫૦૦ જેટલા બ્લાઈન્ડ વ્યક્તિઓને ફોટોગ્રાફીની તાલીમ આપી છે

એક ખાનગી કંપનીમાં એન્જીનીયર તરીકે ફરજ બજાવતા અને શોખ માટે ફોટોગ્રાફી કરતા પાર્થોને ૨૦૦૫માં એક મેગેઝીનમાં બ્લાઈન્ડ ફ્રેન્ચ ફોટોગ્રાફરના ફોટોગ્રાફ જોઈને પહેલી વખત આ વિચાર આવ્યો હતો.એ બાદ તેમણે બ્લાઈન્ડ યુવકોને ફોટોગ્રાફી શીખવવાનુ શરુ કર્યુ હતુ.આ અભિયાન હજી પણ ચાલુ છે.

પાર્થો કહે છે કે તેમને ફોટોગ્રાફી શીખવવા કરતા ફોટોગ્રાફી શીખવા માટે તૈયાર કરવા એ વધારે પડકારજનક કાર્ય છે.મોટાભાગનાએ અગાઉ ક્યારેય કેમેરા હાથમાં પકડ્યો હોતો નથી.પહેલા તો હું તેમને કેમેરા હાથમાં આપીને તેના વિવિધ પાર્ટસને સ્પર્શ દ્વારા ઓળખવાની તાલીમ



આપુ છુ.ત્યાં સુધીમાં તેઓ માનસિક રીતે ફોટો પાડવા માટે સજ્જ થઈ જાય છે.જોકે એ પછી તેઓ કેટલી હદે સારા અને અસરકારક ફોટો પાડી શકે છે તે તેમની સેન્સ પર આધાર રાખે છે.

પાર્થોના મતે બ્લાઈન્ડ વ્યક્તિઓ ફોટોગ્રાફી માટે સ્પર્શ,અવાજ અને આસપાસના માહોલમાં થતા અને મહેસૂસ કરી શકાતા બદલાવ પર આધાર રાખે છે.મેં તો જોઈ શકતા લોકોને આંખ પર પટ્ટી બાંધીને ફોટોગ્રાફી કરવાના વર્કશોપ કરાવ્યા છે.જેથી તેમને બ્લાઈન્ડ ફોટોગ્રાફી કરવી કેટલી અઘરી અને પ્રતિભા માંગી લેતી બાબત છે તેનો ખ્યાલ આવે.

પાર્થો ભૌમિક બ્લાઈન્ડ વ્યક્તિઓએ પાડેલા ફોટોગ્રાફના પ્રદર્શન યોજે છે.જેમાં પ્રદર્શીત થતા ફોટોગ્રાફની બ્રેઈલ લીપી જેવી ઈમેજ પણ પ્રદર્શનમાં રાખે છે.એ બાદ બ્લાઈન્ડ લોકોને તે પ્રદર્શન જોવા આમંત્રે છે.જેથી તેઓ પણ ફોટોગ્રાફને અલગ રીતે અનુભવી શકે.

## પ્રમુખના મતે

---

city ભાસ્કર VADODARA, SUNDAY, 3/8/2014

# પ્રજ્ઞાચક્ષુઓને ફોટોગ્રાફી શીખવાડે છે પાર્થો ભોમિક



પ્રેરણામાં મુંબઇની બ્લાઇન્ડ વિથ ઓર્ગેનાઇઝેશનના સ્થાપક પાર્થો ભોમિકનો રવિવારે વર્કશોપ યોજાશે. તેમણે જણાવ્યું હતું કે, 'પહેલાં તેમને કેમેરાની બેઝિક ટેક્નિકની માહિતી અપાય છે. ક્લિક કરતાં પહેલાં તેઓને જણાવાય છે કે સામે આ વસ્તુ છે. આ ક્લિક કેવી છે તેનો અનુભવ કરવા તસવીરની બ્રેઇલ તૈયાર કરાય છે અને તેના વડે તેઓ અનુભવી શકે છે. અત્યાર સુધીમાં 400 પ્રજ્ઞાચક્ષુઓને ફોટોગ્રાફી શીખવાડી છે.'